ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# વૈશ્વિક મહામારી અને તેની શિક્ષિત બેરોજગારી પરની અસરો.

ચાવડા નરેન્દ્ર દેવજીભાઇ

PhD Scholar From

Bhakta Kavi Narsinh Maheta,

University, Junagadh.

## ❖ સારાંશ:

ભારત દેશ એ કૃષિપ્રધાન દેશ છે, અને ભારત દેશ એ વિકાસશીલ દેશ છે. તેથી મોટા ભાગની વસ્તી કૃષિ આધારિત છે. અને ભારતમાં કૃષિ એ મોટા પ્રમાણમા વરસાદ પર આધારિત હોય છે, તેથી ભારતમાં મોટા ભાગે લોકોને બેરોજગાર રહેવું પડે છે. અને તેથી પણ ભારતમાં બેરોજગારીના પ્રશ્નો સર્જાય છે. તદ્દુપરાંત ભારતમાં હાલમાં જે વૈશ્વિક મહામારી ચાલી રહી છે, તેના કારણે પણ ભારતીય લોકોને ઘણી બધી તકલીફોનો સામનો કરવો પડે છે. ભારતમાં હાલમાં વૈશ્વિક મહામારીના કારણે ઘણા બધા ક્ષેત્રો પર વિપરીત અસર પડી છે અને તેમાં પણ ખાસ કરીને બેરોજગારી પર તેની ઘણી ગંભીર અસર પડી છે, અને તેમાં પણ શિક્ષિત બેરોજગારી પર જે અસર પડી છે તે ઘણા અંશે ખૂબ જ વિપરીત છે.

## ❖ પ્રસ્તાવના:

ભારતની અનેક આર્થિક સમસ્યાઓ જેવી કે આવકની અસમાનતા, વસ્તી વધારો, ફુગાવો, પ્રદૂષણ તેમજ વધતી જતી બેરોજગારી પણ એક ગંભીર સમસ્યા છે. આયોજનના આટલા બધા વર્ષો પછી પણ વિકાસની સાથે રોજગારીની તકોમાં ઓછી વૃદ્ધિ થાય છે. જેના પરિણામે રોજગારી માંગનારાઓની સંખ્યા સતત વધતી ગઈ છે. ભારતમાં પ્રત્યેક યોજનાના અંતે બેરોજગારોની સંખ્યા સતત વધતી ગઈ છે. બેરોજગારીનો પ્રશ્ન સમાજમાં સ્વમાનપૂર્વક જીવન જીવવાની તકોના અભાવનો નિર્દેશ કરે છે. બેરોજગારીની સમસ્યા આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ યોગ્ય નથી. બેરોજગાર વ્યક્તિ આર્થિક રીતે નિઃસહાય બને છે. અને માનવશ્રમનો બગાડ થાય છે. તેમજ બેરોજગાર વ્યક્તિ સમાજમાં સ્વમાનપૂર્વક, સ્વાસ્થયપૂર્ણ જીવન જીવી શકતો નથી. તેના પરિણામે વ્યક્તિનું મન છિન્ન ભિન્ન થઈ સમાજની તરફ ધિક્કારની લાગણીથી જીવે છે. અને વ્યક્તિનો જીવન પ્રત્યેનો ઉત્સાહ ઘટી જાય છે. આમ, કાર્ય કરવાની તત્પરતા અને લાયકાત હોવા છતાં કામ ન મળે ત્યારે માનવીને અપમાનિત તથા હડધૂત થયા કરવું પડે છે. ઘણીવાર આવી બેરોજગાર વ્યક્તિઓ અસામાજિક પ્રવૃતિના રવાડે ચડી જાય છે. આમ, ભારતમાં બેરોજગારીની સમસ્યા એ માત્ર આર્થિક સમસ્યા નથી, પરંતુ બેરોજગારીની સમસ્યા એ સામાજિક, નૈતિક અને રાજકીય સમસ્યા સર્જીને સમાજમાં અશાંતિ ઉત્પન્ન કરે છે.

અત્યારે હાલમાં જે મહામારી ચાલી રહી છે જેને આપડે બધા કોરોના વાઇરસ તરીકે ઓડખીએ છીયે એ સૌપ્રથમ વખત ચીનના વુહાન શહેરમાં જોવા માડી હતી. વુહાન શાહર એ ચીનના ધમધમતા કેન્દ્રોમાંનું એક છે. પરંતુ ત્યાં આ મહામારીના કારણે આજે સમગ્ર વિકાસ પ્રક્રિયા પડી ભાંગી છે. ચીનના વુહાન

બાદ આજે સમગ્ર વિશ્વ સમક્ષ કોરોના મહામારી એક ખતરારૂપ સાબિત થઈ રહી છે. વિશ્વના ઘણા દેશોમાં તો કોરોનાએ ખૂબ ઊંડા મૂળ પકડી લીધા છે. તો હવે આપડે વૈશ્વિક મહામારી અને તેની શિક્ષણક્ષેત્ર પર સુ અસરો ઉદભવી છે તેના વિષે જોઈએ.

**ચાવીરૂપ શબ્દો:** બેરોજગારી, વ્યક્તિઓ, વિકાસશીલ, બેરોજગાર વ્યક્તિઓ, પ્રકારો, બેરોજગારીદર, કોરોના વાઇરસ, વૈશ્વિક મહામારી, બીમારી.

## ❖ સંશોધન અભ્યાસના હેતુઓ:

કોઈપણ વિષયના સંદર્ભમાં અભ્યાસ કરવા માટે સંશોધનકર્તા પાસે સ્પષ્ટ હેતુઓ હોવા જરૂરી છે. આ હેતુઓને ધ્યાનમાં રાખીને કોઈપણ સમસ્યા કે વિષયવસ્તુનો અભ્યાસ થઇ શકે છે. સંશોધનમાં હેતુઓ જેટલા સ્પષ્ટ અને ચોકસ હોય તેટલું જ સંશોધન એ વિશિષ્ટ પ્રકારનું બની રહે છે. પ્રસ્તુત સંશોધન જુદા જુદા હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

૧. વૈશ્વિક મહામારીમાં  શિક્ષિત બેરોજગારીનું ચિત્ર રજૂ કરવું.

૨. વૈશ્વિક મહામારીના કારણે વિવિધ વિદ્યાશાખાઓમાં શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ તપાસવું.

૩. વૈશ્વિક મહામારીના લીધે શિક્ષિત બેરોજગારોની આર્થિક અને સામાજિક સ્થિતિ તપાસવી.

૪. વૈશ્વિક મહામારીના કારણે શિક્ષિત બેરોજગારોની સમસ્યા અને પડકારો તપાસવા.

૫. વૈશ્વિક મહામારી બાદની સરકારની શિક્ષિત બેરોજગારો માટેની નીતિઓ તપાસવી.

૬. વૈશ્વિક મહામારી બાદ વિકસીત અને અલ્પવિકસીત વિસ્તારોમાં શિક્ષિત બેરોજગારોની પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

## ❖ બેરોજગારીનો અર્થ અને વ્યાખ્યા:

## ❖ બેરોજગારીનો અર્થ:

‘અર્થશાસ્ત્રની પરિભાષામાં પ્રવર્તમાન વેતનદારોએ વ્યક્તિની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને

તૈયારી હોવા છતાં જો વ્યક્તિને રોજગારી નહીં મળતી હોય તો તેને બેરોજગાર કહે છે."

ઉપરોક્ત વ્યાખ્યા અનુશાર ઘર કામ કરતી સ્ત્રીઓ, મોટા ભાગના વૃદ્ધો અને નાના બાળકો કે જેઓ નોકરીની શોધમાં નથી તેને બેરોજગાર ગણી શકાય નહીં. અહી ૧૫ થી ૬૦ વર્ષ સુધીનાને જ કે જેઓ ભારતની રાષ્ટ્રીય આવકમાં ફાળો આપી શકે તેમ છે, તેને જ બેરોજગાર કહેવાય છે.

"બેરોજગારી એટલે બજારની એવી સ્થિતિ કે જેમાં શ્રમશક્તિનો પુરવઠો પ્રાપ્ત તકો કરતાં વધારે હોય."

આમ, બેરોજગારી એટલે અનૈચ્છિક બેરોજગારી જો વ્યક્તિની કામ કરવાની વૃતિ અને શક્તિ ન હોય અને તેથી તે કામ વિનાનો રહે તો તેને બેરોજગાર કહેવાય નહીં. જો તેને બેરોજગાર ગણવો હોય તો સ્વેચ્છિક બેરોજગાર કહી શકાય. વાસ્તવમાં સ્વેચ્છિક બેરોજગારી એ બેરોજગારીનો પ્રશ્ન નથી, અનૈચ્છિક બેરોજગારી કે ફરજિયાત બેરોજગારીમાં વ્યક્તિ કામ કરવા તૈયાર હોય, કામ કરવાની શક્તિ ધરાવતો હોય છતાં તેને ઉત્પાદક કામ મળતું નથી, તેથી તેની ઉત્પાદક શક્તિ વેડફાઇ જાય છે. આવા બેરોજગાર લોકોને ઉત્પાદકીય પ્રવૃતિમાં જોડવાથી સમાજને જે ચીજ-વસ્તુઓ કે સેવાઓ પ્રાપ્ત થવી જોઈએ તે ન થતાં સમાજને ગેરલાભ પ્રાપ્ત થાય છે, અને તેથી જ બેરોજગારીનું સર્જન થાય છે.

VIDHYAYANA

### ❖ બેરોજગારીની વ્યાખ્યા:

૧. "સમાજમાં માન સાથે જીવન જીવવાની તકના અભાવને બેરોજગારી કહેવામાં આવે છે."

- શ્રીમતી ઉર્સુલા હિકસ

૨. "કામની શોધ કરતો વ્યક્તિ પોતાની ક્ષમતા અને યોગ્યતા અનુસાર કામ મેળવી શકે નહિ તો તેને બેરોજગાર કહેવાય છે."

- જે. એમ. કેઇન્સ

૩. "વ્યક્તિને કામ કરવાની ઈચ્છા હોવા છતાં કામ મળતું ન હોય ત્યારે તેને બેરોજગાર કહેવાય છે."

- એ. સી. પિગુ.

❖ શિક્ષિત બેરોજગારી:

ભારતમાં ૧૯૮૧માં સાક્ષરતાનું પ્રમાણ ૩૬.૨ ટકા હતું, જે ૨૦૧૧માં વધીને ૭૪.૦ ટકા થયું, અને જે હાલમાં લગભગ ૭૯.૮ ટકા થયું છે. એનો અર્થ એ થાય કે હજુ પણ ૨૦.૨ ટકા લોકો નિરક્ષર છે. સામાન્ય રીતે શિક્ષિત વ્યક્તિઓને સરળતાથી રોજગારી મળી રહેવી જોઈએ, પરંતુ દેશના વિકાસનો દર નીચો હોવાથી રોજગારીની પૂરતી તકો ઉપલબ્ધ થઈ નથી. ભારતમાં શિક્ષિત બેરોજગારી એ બેરોજગારીની સમસ્યાનું નવું પરિણામ છે.

ભારતમાં આયોજન કાળથી સાક્ષરતાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ રોજગારીની તકોમાં ઝડપથી વધારો થતો નથી, પરિણામે શિક્ષિત બેરોજગારી એ ભારતની બેરોજગારીની સમસ્યાનું એક નવું પરિણામ છે. સ્નાતક અને અનુસ્નાતકોનું પ્રમાણ વધતું જાય છે, ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ મેળવ્યું હોય તેને શિક્ષિત કહેવાય, ભારતમાં ૧૮ થી ૩૦ વર્ષના યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ સૌથી વધુ છે.

શિક્ષિત બેરોજગારી શિક્ષણના પ્રસારને કારણે નહીં પરંતુ માનવશક્તિના યોગ્ય આયોજનના અભાવનું કારણ છે. શિક્ષિત બેરોજગારીમાં પૂર્વસ્નાતક, અનુસ્નાતક, ટેકનિકલ ડિપ્લોમા તેમજ વિવિધ પ્રકારની ડિગ્રી ધરાવનારાનો સમાવેશ થાય છે. શિક્ષિત બેરોજગારી સંખ્યા અને ટકાવારી વધતી રહી છે, જેના મુખ્ય કારણોમાં શ્રમ તરફની ઉપેક્ષા, ખામી ભરેલી શિક્ષણપ્રથા, નિયોજન અને સાહસનો અભાવ, અપૂરતા સાધનો, આર્થિક વિકાસનો મંદ દર, તાલીમનો અભાવ, શિક્ષણની અલ્પ સુવિધાઓ વગેરે રહેલા છે.

શિક્ષિત બેરોજગારી ગંભીર બનવા પાછળ ઘણા કારણો જવાબદાર છે, જે નીચે મુજબ છે.

૧. રોજગારી માટે વ્હાઇટ કોલર જોબની અપેક્ષા.

૨. શિક્ષણ માત્ર પુસ્તકો પૂરતું સિમિત.

૩. તાલીમ, ટેકનોલોજી, કૌશલ્ય, આવડત વગેરેને ઓછું મહત્વ.

૪. શહેરો પ્રત્યેનું વધતું જતું આકર્ષણ.

૫. સ્વરોજગાર માટે તાલીમની ઓછી વ્યવસ્થા વગેરે કારણો જવાબદાર છે.

શિક્ષિત બેરોજગરીના લીધે દેશમાં રાજકીય, સામાજિક અને આર્થિક પ્રશ્નો સર્જાય છે. કેટલાક

દેશોમાં રાજકીય ઉથલ-પાથલ પણ મચી ગઈ છે, જો માનવશક્તિનું યોગ્ય અને સમયસર આયોજન કરવામાં આવે તો શિક્ષિત બેરોજગરીના પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. ભારતના મહાન નેતા જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે, "ભારતનું ભાવિ ઉજ્જવળ છે અને તે શિક્ષિતો પર આધારીત છે, પરંતુ જો તેને રોજગારીની પૂરતી તકો આપવામાં આવે."

ઉપરોક્ત ગ્રામીણ બેરોજગારી અને શહેરી બેરોજગારીને અલગ અલગ વિભાગમાં વહેચી છે, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં પણ શિક્ષિત બેરોજગારી તો જોવા મળે જ છે. ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણનો પ્રસાર થવાથી શિક્ષિતોની સંખ્યામાં વધારો થાય છે, પરંતુ શિક્ષિતોને અનુરૂપ વ્યાપાર અને ઉદ્યોગોના વિકાસના અભાવે રોજગારીની પૂરતી તકો ગ્રામીણ વિસ્તારમાં સર્જી શકાય નહીં. તેથી ગ્રામીણ વિસ્તારોમાં પણ શિક્ષિત બેરોજગારી વધવા પામી છે. તદ્ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતી મૌસમી અને પ્રચ્છન્ન બેરોજગારી શહેરી વિસ્તારોમાં પણ જોવા મળે છે. દા. ત. શહેરી વિસ્તારોમાં ખેત પેદાશો પર આધારિત ઉદ્યોગોમાં મૌસમી બેરોજગારી જોવા મળે છે. તે જ રીતે સરકારી કચેરીઓ અને જાહેરના સાહસના એકમોમાં જરૂર કરતાં વધુ માણસો રોકવામાં આવેલા હોવાના કારણે તેઓ પ્રચ્છન્ન બેરોજગાર છે. સરકાર દ્વારા આપતી સેવાઓમાં કસો ઘટાડો કર્યા વિના તેમને અન્ય સ્થળે ખસેડી શકાય તેમ છે. આમ, ટુંકમાં મૌસમી બેરોજગારી, પ્રચ્છન્ન બેરોજગારી, ઔદ્યોગિક કામદારોની બેરોજગારી, શિક્ષિતોની બેરોજગારી શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળે છે. પરંતુ શહેરી વિસ્તારોમાં ઔદ્યોગિક કામદારોની બેરોજગારી અને શિક્ષિત બેરોજગારી વ્યાપક રીતે જોવા મળે છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં મૌસમી અને પ્રચ્છન્ન બેરોજગારીનો પ્રશ્ન મુખ્ય છે. આપણે પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં શિક્ષિત બેરોજગારીનો અભ્યાસ કરવાના છીએ.

### ❖ વૈશ્વિક મહામારી (કોરોના વાઇરસ)

COVID-19 કોરોના વાઇરસથી થતી બીમારી છે. માનવ કોરોના વાઇરસ એ સામાન્ય છે, અને સામાન્ય રીતે તે સરેરાસ સરદીની માફક હળવી બીમારીઓ સાથે સંકળાયેલ હોય છે. ભારત સહિત આખી દુનિયા પર કોરોના વાઇરસે ભરડો લીધો છે. દુનિયાભરમા કરોડો લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. આ સંક્રમણથી બચવું એ ખૂબ જ જરૂરી હે.

માનવ કોરોના વાયરસના લક્ષણો સામાન્ય રીતે ખૂબ હળવા અથવા ખૂબ ગંભીર હોય શકે છે.

- તાવ

- ઉધરસ
- શ્વાસ લેવામાં તકલીફ

વાયરસના સંપર્કમાં આવ્યા પછી લક્ષણો દેખાવામાં ૧૪ દિવસ સુધીનો સમય લાગી શકે છે. કોરોના વાયરસ સામાન્ય રીતે ચેપગ્રસ્ત વ્યક્તિથી આ મારફતે ફેલાઈ છે.

- જ્યારે તમે ખાસી અથવા છીક ખાવ ત્યારે શ્વાછોશ્વાસના ઝીણા બિંદુઓથી.
- નજીકનો અંગત સંપર્ક, જેમ કે હાથના સ્પર્શથી અથવા હાથ મિલાવવાથી.
- જેના પર વાયરસ હોય એવિ વસ્તુને સ્પર્શ કર્યા પછી તમારા હાથ ધોતા પહેલા, તમારી આંખો, નાક અથવા મોંને સ્પર્શ કરવાથી.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન (WHO)ના કહેવા પ્રમાણે વાયરસના શરીરમાં પ્રવેશ તથા લક્ષણ દેખાવમાં ૧૪ દિવસ જેટલો સમય લાગી શકે છે. જોકે કેટલાક નિષ્ણાતોના કહેવા પ્રમાણે, તેમાં ૨૪ દિવસ જેટલો પણ સમય લાગી શકે છે. જે લોકોમાં સંક્રમણના લક્ષણો હોય તેમના શરીર થકી ચેપ વધારે ફેલાય છે. જોકે એવું પણ નિષ્ણાતો કહે છે કે, વ્યક્તિ બીમાર પડે તે પહેલા પણ તે રોગ કે ચેપ ફેલાઈ શકે છે. કોરોના વાયરસના શરૂઆતના લક્ષણો શરદી અને ફ્લુ જેવા કે ઋતુ બદલાવાને કારણે થતાં તાવ અને સરદી જેવા હોય તેથી કોઈ પણ ભ્રમિત થઈ શકે છે.

VIDHYAYANA

### ❖ જો તમને લક્ષણો જણાય તો શું કરવું

| **લક્ષણો** | **કોરોના વાયરસ** | **ફ્લૂ** | **સરદી** |
|---|---|---|---|
| તાવ | સમાન | સમાન | ભાગ્યે જ |
| કફ | સમાન | સમાન | હળવું |
| સ્વાદ અને ગંધ ગુમાવવા | ઓચિંતું | ભાગ્યે જ | ક્યારેક |
| થાક | ક્યારેક | સમાન | ક્યારેક |
| માથું દુખવું | ક્યારેક | સમાન | ભાગ્યે જ |
| દુખાવો | ક્યારેક | સમાન | સમાન |
| નાક વહેવું | ભાગ્યે જ | ક્યારેક | સમાન |
| ગાળું દુખવું | ક્યારેક | ક્યારેક | સમાન |
| છીકો ખાવી | ના | ના | સમાન |

| | | | |
|---|---|---|---|
| શ્વાસ લેવામાં તકલીફ | ક્યારેક | ના | ના |
| અતિસર | બાળકોમાં ક્યારેક | ખાસ બાળકોમાં | ના |

જો કોરોના વાયરસના હળવા લક્ષણો દેખાતા હોય તો વ્યક્તિ એ ઓછામાં ઓછા સાત દિવસ માટે સેલ્ફ આઇસોલેસનમાં રહેવું જોઇએ.

## ❖ ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોના કેસો:

આ માહિતીને નિયમિત રીતે અપડેટ કરવામાં આવે છે, છતા તેમાં કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના આંકડા તાત્કાલિક ન પણ દેખાઈ તેવી શક્યતાઓ રહેલી છે. પ્રસ્તુત આંકડાઓ નીચે મુજબ છે.

| રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ | કુલ કેશ | સાજા થયા | મૃત્યુ |
|---|---|---|---|
| મહારાષ્ટ્ર | ૧૩૫૧૧૫૩ | ૧૦૪૯૯૪૭ | ૩૫૭૫૧ |
| આંધ્ર પ્રદેશ | ૬૮૧૧૬૧ | ૬૧૨૩૦૦ | ૫૭૪૫ |
| તામિલનાડું | ૫૮૬૩૯૭ | ૫૩૦૭૦૮ | ૯૩૮૩ |
| કર્ણાટક | ૫૮૨૪૫૮ | ૪૬૯૭૫૦ | ૮૬૪૧ |
| ઉતરાખંડ | ૩૯૦૮૭૫ | ૩૩૧૨૭૦ | ૫૬૫૨ |
| ગોવા | ૨૭૩૦૯૮ | ૨૪૦૭૦૩ | ૫૨૭૨ |
| પશ્ચિમ બંગાળ | ૨૫૦૫૮૦ | ૨૧૯૮૪૪ | ૪૮૩૮ |
| ઓડિશા | ૨૧૨૬૦૯ | ૧૭૭૫૮૫ | ૮૬૬ |
| તેલંગાણા | ૧૮૯૨૮૩ | ૧૫૮૬૯૦ | ૧૧૧૬ |
| બિહાર | ૧૮૦૦૩૨ | ૧૬૬૧૮૮ | ૮૯૨ |
| કેરલ | ૧૭૯૯૨૩ | ૧૨૧૨૬૪ | ૬૯૮ |
| આસામ | ૧૭૩૬૨૯ | ૧૪૨૨૯૭ | ૬૬૭ |
| હરિયાણા | ૧૩૪૬૨૩ | ૧૧૪૫૭૬ | ૩૪૩૧ |
| રાજસ્થાન | ૧૩૦૯૭૧ | ૧૦૯૪૭૨ | ૧૪૫૬ |
| હિમાચલ પ્રદેશ | ૧૨૫૪૧૨ | ૧૦૮૪૧૧ | ૧૩૩૧ |
| મધ્ય પ્રદેશ | ૧૨૪૧૬૬ | ૧૦૦૦૧૨ | ૨૨૪૨ |
| પંજાબ | ૧૧૧૩૭૫ | ૯૦૩૪૫ | ૩૨૮૪ |
| છતીસગઢ | ૧૦૮૪૫૮ | ૭૪૫૩૭ | ૮૭૭ |
| ઝારખંડ | ૮૧૪૧૭ | ૬૮૬૦૩ | ૬૮૮ |

| | | | |
|---|---|---|---|
| ઉત્તર પ્રદેશ | ૪૭૫૦૨ | ૩૬૬૪૬ | ૫૮૦ |
| ગુજરાત | ૩૨૩૯૬ | ૨૭૦૭૨ | ૪૦૭ |
| પૉંડિચેરી | ૨૬૬૮૫ | ૨૧૧૫૬ | ૫૧૫ |
| જમ્મુ-કશ્મીર | ૧૪૪૫૭ | ૧૦૬૦૭ | ૧૭૫ |
| ચંદીગઢ | ૧૧૬૭૮ | ૯૩૨૫ | ૧૫૩ |
| મણિપુર | ૧૦૪૭૭ | ૭૯૮૨ | ૬૪ |
| લદાખ | ૪૧૫૨ | ૩૦૬૪ | ૫૮ |
| અંડમાન નિકોબાર | ૩૮૦૩ | ૩૫૮૨ | ૫૩ |
| દિલ્હી | ૩૦૧૫ | ૨૮૩૬ | ૦૨ |
| મિઝોરમ | ૧૯૫૮ | ૧૪૫૯ | ૦૦ |

કોરોના વાયરસના સંક્રમણના આંકડાની તુલના મૃત્યુ પામનારા લોકોની સંખ્યા સાથે કરીયે તો તે ઘણી ઓછી લાગે છે, જોકે દુનિયામાં અને દેશમાં દિવસ-રાત સંક્રમીત લોકો અને મૃત્યુ પામનાર લોકોની સંખ્યા જે રીતે કુદકે અને ભૂસકે આગળ વધી રહી છે, તે જોતાં સરેરાસ મૃત્યુદરને હળવાશથી લય શકાય નહીં. અનેક દેશોમાં આંશિક કે પૂર્ણ લોક-ડાઉનની સ્થિતિ છે અને અનેક લોકોનો ઈલાજ ચાલી રહ્યો છે. મૃત્યુ પામનારા લોકોની સંખ્યા પણ સતત વધી રહી છે.

### ❖ વૈશ્વિક મહામારી અને શિક્ષિત બેરોજગારી:

કોરોના વાયરસની વૈશ્વિક અર્થતંત્ર ઉપર ગંભીર અસર પડી રહી છે. કોરોનાના કારણે વિશ્વને ૨ ટ્રિલિયન જેટલું નુકશાન થશે તેવો યુ.એન. ટ્રેડ એજન્સીનો અંદાજ છે. યુ.એન. તરફથી બહાર પાડવામાં આવેલી એક અખબારી યાદીમાં UNCTADના ડાયરેક્ટર રિચર્ડ કોઝૂલ રાઈટે આવું કહ્યું હતું કે, કોરોના વાયરસની મહામારીમાં આર્થિક સ્થિતિને UNCTAD એ doomsday scenario તરીકે ઓળખાવી છે.

સૌપ્રથમ તો રાજયમાં બેરોજગારી વિષે વાત કરીયે તો નિષ્ણાતોના મતે નોટબંધી, જીએસટીના અવ્યવસ્થિત અમલીકરણ ઉપરાંત કોરોના વાયરસની મહામારીથી સર્જાયેલી આર્થિક સમસ્યાઓને પગલે વેપાર-ધંધા, કંપનીઓને માઠી અસર થય છે.

"સેન્ટર ફોર મોનિટરિંગ ધ ઇંડિયન ઈકોનોમી" ના ડેટા અનુસાર ભારતમાં લોક-ડાઉન દરમિયાન બેરોજગારીનો દર ૨૭.૧ હતો. કોરોનાને કારણે ભારતમાં અંદાજે ૧૨.૨ કરોડ લોકો યે રોજગારી

ગુમાવી છે. મીડિયા, એવિએસન, રિટેલ, હોસ્પિટાલિટી, ઓટોમોબાઇલ્સ સહિતના ક્ષેત્રોમાં સામૂહિક છટણીઓ થવાના અહેવાલ પણ નોંધાયા છે. ઉપરાંત ઘણા મીડિયમ અને સ્મોલ સ્કેલ બિઝનેસને પણ મોટો ફટકો પડ્યો છે. ગુજરાત સરકારે વિધાન સભામાં રજૂ કરેલા આંકડાની વાત કરીયે તો રાજ્યમાં ૪.૫૮ લાખ લોકો બેરોજગાર છે. જેમાં શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારો પણ સામેલ છે.

વળી ૨૦૧૭-૧૮ના NSSO ( નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇજેશન)ના આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં બેરોજગારીની ટકાવારી વધી હતી. વર્ષ ૨૦૧૧-૧૨માં ગુજરાતમાં બેરોજગારી ૦.૫ ટકા હતી જે વધીને ૨૦૧૭-૧૮માં ૪.૮ ટકા થઈ હતી. ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮ના આંકડા પ્રમાણે શહેરી વિસ્તારમાં બેરોજગારીનું પ્રમાણ ૫.૨ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં બેરોજગારીનું પ્રમાણ ૪.૩ ટકા હતું. બીજી તરફ ગુજરાતનાં યુવા વર્ગમાં બેરોજગારીનું પ્રમાણ પણ વધ્યું હતું. NSSOના રિપોર્ટ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં યુવા વર્ગની બેરોજગારીની ટકાવારી ૨૦૧૧-૧૨માં ૦.૮ ટકા હતી જે વધીને ૨૦૧૭-૧૮માં ૧૪.૯ ટકા થઈ ગઈ હતી. જ્યારે શહેરી વિસ્તારમાં યુવા વર્ગની બેરોજગારી ૨૦૧૧-૧૨માં ૨.૧ ટકા હતી જે વધીને ૨૦૧૭-૧૮માં ૧૦.૭ ટકા થઈ હતી.

NSSOના અહેવાલ મુજબ ગુજરાતમાં સ્નાતક સુધીનો અભ્યાસ ધરાવતા ૯.૧ ટકા, અનુસ્નાતક સુધીનો અભ્યાસ ધરાવતા ૧૨.૮ ટકા લોકો બેરોજગાર હતા. ઉલેખનીય છે કે NSSOના આ રિપોર્ટને નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે ફગાવી દીધો હતો. આ રિપોર્ટ પ્રમાણે દાવો કરાયો હતો કે, ૨૦૧૭-૧૮માં બેરોજગારીનો દર છેલ્લા ૪૫ વર્ષોની તુલનમાં સૌથી વધુ રહ્યો હતો. જે પછી જાન્યુઆરી ૨૦૧૯માં નીતિ આયોગના વાઇસ ચેરમેન રાજીવ કુમારે આ રિપોર્ટ વિષે કહ્યું હતું કે રિપોર્ટની ખરાઈ થઈ નથી અને આ રિપોર્ટ માટે ઉપયોગમાં લેવાયેલા ડેટાની પણ ખરાઈ થઈ નથી. જોકે બીજી તરફ NSSO સાથે જોડાયેલા બે અધિકારીઓએ રાજીનામાં આપતા કહ્યું હતું કે સરકાર તેમના રિપોર્ટને જાહેર કરવાની ના પડી રહી છે.

જોકે “ટાઈમ્સ ઓફ ઈન્ડિયા”ના અહેવાલ મુજબ ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી નીચો છે. આ અહેવાલ મુજબ ગુજરાતમાં આ દર ૩.૪ ટકા છે. તેના એક વર્ષ અગાઉ આ આંકડો ૪.૫ ટકા હતો. જોકે આ શહેરી વિસ્તારોનો આંકડો છે. અત્રે એ પણ નોંધવું કે ગુજરાતમાં રોજગારીની સમસ્યા અને ક્વોટા મામલે પાટીદાર આંદોલન પણ થયું હતું. તથા ભરતી પરીક્ષાઓમાં ગેર-રીતિ અને સમયસર સરકારી નોકરીઓના ઓડર ન નિકડતા હોવાના મુદ્દાઓ સાથે યુવાઓએ પ્રદર્શનો પણ કરતાં જોવા મળ્યા છે. જેમાં એલઆરડી

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

(લોક રક્ષક દળ) ની ભરતી પરીક્ષાનો વિવાદ તેનું તાજું ઉદાહરણ છે.

ફાયનાન્સિયલ એક્સપ્રેસના એક અહેવાલમાં ઇકોનોમિક ઇંટેલિજન્સ યુનિટના રિપોર્ટને ટાંકીને કહેવાયું છે કે ભારતમાં અર્થ વ્યવસ્થાની ગતિમાં ઘટાડો અને બેરોજગારીના મુદ્દાને કારણે દેશનું રાજકારણ યુવાઓની આર્થિક અસુરક્ષાની બાબતોના અનુસંધાને આકાર લઈ રહ્યું છે આ અહેવાલ મુજબ બેરોજગારી અને શિક્ષિત બેરોજગારીની સમસ્યા ભારતીય રાજકારણમાં એક મહત્વનો પ્રશ્ન છે. અને તેને લાંબા સમય સુધી પડતર રાખવામા આવશે તો તેની અસર ભારતીય રાજકારણમાં ચોક્કસપણે જોવા મળશે.

- ❖ **માહિતીનું એકત્રીકરણ:**

સંશોધનના આંકડા એટલે માહિતી.

કોઈપણ સંશોધન મુખ્યત્વે બે પ્રકારની માહિતીઓ ઉપર આધારિત હોય છે, જે નીચે મુજબ છે.

**પ્રાથમિક માહિતી.** **ગૌણ માહિતી**

- ❖ **પ્રાથમિક માહિતી:**

સંશોધન અભ્યાસના વિષયને અનુરૂપ સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવેલ ઉપકરણો દ્વારા પ્રત્યક્ષ રીતે પ્રથમ વખત જ મેળવવામાં આવેલી માહિતીને પ્રાથમિક માહિતી તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે,

- ➢ પ્રશ્નાવલી પદ્ધતિ
- ➢ મુલાકાત પદ્ધતિ
- ➢ સર્વેક્ષણ પદ્ધતિ વગેરે પ્રાથમિક માહિતીના ઉ. દા. છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રશ્નાવલી પદ્ધતિ અને મુલાકાત પદ્ધતિનો પ્રાથમિક માહિતી તરીકે ઉપયોગ કરવામાં આવશે.

- ❖ **ગૌણ માહિતી:**

પ્રસિદ્ધ થયેલી કોઈપણ માહિતીને આગળના વિશ્લેષણ માટે પસંદ કરી સ્વીકારવમાં આવે

ત્યારે તે અભ્યાસમાં તે માહિતીનું સ્થાન ગૌણ માહિતીનું હોય છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રકાશિત થયેલા અહેવાલો, મુખપત્રો, યોજનાઓ, સંશોધનને અનુરૂપ સંદર્ભગ્રંથો વગેરે ગૌણ માહિતીના સ્ત્રોતો ગણી શકાય.

- સંશોધનને અનુરૂપ પુસ્તકો
- સંશોધનને અનુરૂપ મહાશોધ નિબંધો
- સંશોધનને અનુરૂપ લઘુશોધ નિબંધો
- સંશોધનને અનુરૂપ સંશોધનપત્રો
- સમાચારપત્રો, મુખપત્રો
- જોબ ફેર, જોબ પ્લેસમેન્ટ, વિવિધ કંપનીઓ. વગેરેનો ઉપયોગ કરવામાં આવશે.

### ❖ સંશોધનનું મહત્વ:

૧. વૈશ્વિક મહામારીમાં કુલ બેરોજગારીમાં શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાશે.

૨. વૈશ્વિક મહામારીમાં કુલ શિક્ષિત બેરોજગારોની સચોટ માહિત મેળવી શકાશે.

૩. વિવિધ વિદ્યાશાખાના શિક્ષિત બેરોજગારોની સમસ્યા જાણીને તેને દૂર કરી શકાશે.

૪. વિવિધ વિસ્તારોમાં શિક્ષિતોની બેરોજગારીનો તુલનાત્મક અભ્યાસ કરી શકાશે.

૫. શિક્ષિત બેરોજગારો પાછળની સરકારની નીતિઓ તથા ભૂમિકા જાણી શકાશે.

### ❖ સંદર્ભસૂચિ

૧. શ્રમનું અર્થશાસ્ત્ર, એમ. એ. પોપ્યુલર પ્રકાશન, સુરત.

૨. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર-૨ બી. એ. સી. જમનાદાસની કંપની.

Graduates Unemployment- A Case of Jalgaon City, IOSR Journal of

Businessand Management (IOSR-JBM)

Ms. Richa Modiyani, Mr. Rakesh Gagade, Ms. Rimzim Menghwani (2015)

1. શ્રમ અને રોજગાર મંત્રાલય ગુજરાત સરકાર.

2. WWW.ILO UNEMPLOYMENT REPORT.COM

3. WWW.NSSO UNEMPOYMENT REPORT.COM